**ખેલ સહાયક યોજના**

**(સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ)**

**ખેલ સહાયક યોજના કરાર આધારિત ભરતી**

**સમગ્ર શિક્ષા, રાજ્ય કચેરી સેક્ટર ૧૭, ગાંધીનગર.**

---

**(ખેલ સહાયક યોજના કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત અન્વયે સૂચનાઓ)**

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૩-પ્રશિનિ-૨૮-ક તેમજ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખેલ સહાયક યોજના તા. ૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: FD/GSE/e-file/3/2023/0412/G-1 તેમજ તા. ૦૪/૦૮/૨૦૨૩ ના સુધારા ઠારવથી ખેલ સહાયક માટેની વયમર્યાદામાં અને તા. ૦૧/૧૧/૨૦૨૩ ના ખેલ સહાયક માટેની શૈક્ષણિક લાયકાતમાં સુધારા ઠારવ અન્વયે સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખેલ સહાયકની કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત વર્ષ-૨૦૨૩-૨૪ અન્વયે મેરીટના ધોરણે ભરવાપાત્ર જગ્યાઓની પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ લાયકાતો ફરજીયાતપણે માન્ય યુનીવર્સીટી/સંસ્થાઓ માંથી મેળવેલ હોવી જોઈએ. આ પ્રકારની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૦૮/૦૨/૨૦૨૪ના રોજ બપોરના ૨.૦૦ કલાક થી ૧૨/૦૨/૨૦૨૪ ૨૩:૫૯ કલાક સુધી **http://khelsahayak.ssgujarat.org/** વેબસાઈટ પર મૂકવામાં આવેલ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

**અરજી કરતા પૂર્વે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.**

1) <u>શૈક્ષણિક લાયકાત અને વ્યાવસાયિક લાયકાત:-</u>

- સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખેલ સહાયકની કરાર આધારિત ભરતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ-૨૦૨૩માં ખેલ અભિરૂચિ કસોટી SAT (Sport Aptitude Test) પરીક્ષા લેવામાં આવેલ છે. તે પૈકી પરીક્ષા પાસ કરેલ હોય તે જ ઉમેદવારો અરજી કરી શકશે. તેમજ તેઓએ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત મેળવેલી હોવી જોઇશે. (પોર્ટલ પર લાયકાતની વિગત ઉપલબ્ધ કરેલ છે.)
- શિક્ષણ વિભાગના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૩-પ્રશિનિ-૨૮-ક તેમજ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખેલ સહાયક યોજના તા. ૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: FD/GSE/e-file/3/2023/0412/G-1 અનુસાર પસંદગી યાદી ઉમેદવારના ખેલ અભિરૂચિ કસોટી SAT (Sport Aptitude Test) ૨૦૨૩માં મેળવેલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.
- ઉમેદવાર સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ખેલ સહાયકની કરાર આધારિત નિમણુંક માટેની ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત અને વ્યવસાયિક લાયકાત ધરાવતો હોવો જોઈએ. (પોર્ટલ પર લાયકાતની વિગત ઉપલબ્ધ કરેલ છે.)

➢ ઉમેદવારને જે જિલ્લાની શાળા ફાળવણી કરવામાં આવેલ હશે તે જ જિલ્લાનાં નિયત કરેલ વેરીફીકેશન સ્થળે સમયમર્યાદામાં ગુણપત્રકો/પ્રમાણપત્રની ચકાસણી કરાવવાની રહેશે.

➢ સમગ્ર શિક્ષા દ્વારા કામચલાઉ મેરીટયાદી તૈયાર કરવામાં આવશે. આ યાદીમાં જે ઉમેદવારોનો સમાવેશ થશે તેઓને તે અંગેની જાણ એસ.એમ.એસ. થી કરવામાં આવશે. મેરીટયાદીમાં સમાવેશ થયેલ ઉમેદવાર માટે ડોક્યુમેન્ટ વેરીફીકેશન અંગેની સૂચના વેબસાઈટ પર મુકવામાં આવશે. નિશ્ચિત કરવામાં આવેલ સમયગાળામાં ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફરજીયાત કરાવવાનું રહેશે. (ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે અરજી સાથે જોડવાના આધારોની સૂચિત યાદી **http://khelsahayak.ssgujarat.org/** વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.) ડોક્યુમેન્ટ વેરીફીકેશન ન કરાવનાર ઉમેદવારોની ઉમેદવારી આપોઆપ રદ થશે અને મેરીટયાદીમાંથી તેવા ઉમેદવારનું નામ કમી કરવામાં આવશે.

➢ જિલ્લાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટરની યાદી વેબસાઈટ પર મુકેલ છે.

## 2) ઉચ્ચક માનદ વેતન (માસિક):-

➢ સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખેલ સહાયક (કરાર આધારિત) માસિક ફીકસ રૂ.૨૧,૦૦૦/- ઉચ્ચક માનદ વેતન મળવાપાત્ર થશે.

## 3) વયમર્યાદા:-

➢ ઉમેદાવારની મહત્તમ વયમર્યાદા (અરજીની તારીખે) ૩૮ વર્ષ રહેશે.

## 4) ભરવાપાત્ર જગ્યાઓ:-

➢ જે તે જિલ્લામાં સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જિલ્લાવાર અને શાળાવાર ભરવાપાત્ર જગ્યાઓની વિગતો વેબસાઈટ પર દર્શાવવામાં આવશે.

➢ સદર જાહેરાતમાં દર્શાવેલ પૈકી કોઈપણ જગ્યાઓ ફેરફારને આધીન છે. કોઈપણ ખાલી જગ્યા રદ કરવા અંગેનો સરકારશ્રીનો નિર્ણય આખરી રહેશે.

## 5) કરારનો સમયગાળો

➢ ખેલ સહાયકોની કામગીરીનો કરાર ૧૧ માસનો રહેશે. (વેકેશન સિવાય) ૧૧ માસનો કરારનો સમય પુરો થતાં કરાર આપોઆપ રદ થયેલ ગણાશે.

## 6) અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની અગત્યની સૂચનાઓ:-

1. અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

2. લાયકાત ધરાવતા ઉમેદવારો સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખેલ સહાયક (કરાર આધારિત) ભરતી માટે તા.૦૮/૦૨/૨૦૨૪ના રોજ ૧૪:૦૦ કલાક થી ૧૨/૦૨/૨૦૨૪ ૨૩:૫૯ કલાક સુધી http://khelsahayak.ssgujarat.org/ વેબસાઈટ ઉપર ઓનલાઇન અરજી કરી શકશે.

3. ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવાર પોતે ભૂલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહી જેથી સંપર્ણ કાળજીપૂર્વક ઓનલાઇન અરજી કરનારની રહેશે.

4. માત્ર અને માત્ર ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. ટપાલ, કુરીયર કે અન્ય કોઇપણ માધ્યમથી અરજી સ્વીકારવામાં આવશે નહીં.

5. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. અવશ્ય આપવાના રહેશે. ભરતી પ્રક્રિયા અંગેની જાણ અરજદારને એસ.એમ.એસ./ઇ-મેઇલથી કરવામાં આવશે. અને આ બાબતે અરજદારે એસ.એમ.એસ./ઇ-મેઇલની ચકાસણી કરવાની રહેશે. અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇ.ડી. પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવા નહી.

6. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની ફાઇનલ પ્રિન્ટ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી, જરૂર પડેથી રજુ કરવાની રહેશે.

7. આ જાહેરાતનો હેતુ હાલ માત્ર પસંદગીયાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાનો છે. જેથી વેબસાઇટ પર અરજી કર્યેથી નોકરીનો હક પ્રતિપાદિત થતો નથી.

8. નિયત સમયમર્યાદામાં ગુણપત્રકો/પ્રમાણપત્રોની ચકાસણી અર્થે હાજર ન રહેનાર ઉમેદવારનું નામ પસંદગીયાદીમાંથી રદ ગણવામાં આવશે. આ અંગે ઉમેદવાર કોઇપણ પ્રકારનો હક દાવો કરી શકશે નહીં અને આ અંગે કોઈપણ પત્રવ્યવહાર/રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

9. સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખેલ સહાયક (કરાર આધારિત) ભરતી સંબંધે તમામ સૂચનાઓ/ વિગતો વખતોવખત વેબસાઇટ પરથી જોઇ શકશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટ જોવાની રહેશે. વેબસાઇટ પર મૂકેલ કોઇપણ સૂચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઇપણ તબક્કે સામેલ ન થઈ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઇ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહી.

**10. ગુણાંકન દર્શાવવા અંગેની સૂચનાઓ**

- ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફોર્મમાં તેઓની માર્કશીટમાં આપેલ કુલ ગુણ અને મેળવેલ ગુણ જ દર્શાવવા, જો લાયકાતની માર્કશીટમાં કુલ ગુણ તથા મેળવેલ ગુણ આપેલ ન હોય અને ફક્ત CGPA/CPI/GRADE આપેલ હોય તેવા ઉમેદવારોએ પોતાની માર્કશીટમાં દર્શાવેલ વિગત પસંદ કરી ભરવાની રહેશે.

દા.ત. કોઇ ઉમેદવારની માર્કશીટમાં CGPA દર્શાવેલ છે તો કુલ અને મેળવેલ CGPA ની વિગતો દર્શાવવાની રહેશે.

## 11. કમ્પ્યુટર જાણકારી અંગેનું પ્રમાણપત્ર

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૦૮ના ઠરાવ મુજબ કમ્પ્યુટરની બેઝિક જાણકારી અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

12. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના અસલ દસ્તાવેજ ભરતીના જે તે તબક્કે માંગવામાં આવે ત્યારે રજૂ કરવાના રહેશે. દસ્તાવેજ રજૂ ન કરી શકનાર ઉમેદવારોની નિમણૂક જે તે તબક્કે રદ કરવામાં આવશે.

13. કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજૂ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજૂ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.

14. જે ઉમેદવાર ઓનલાઈન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેને ગેરલાયક ઠરાવવામાં આવશે. સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરાર આધારિત ખેલ સહાયક અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભૂલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઈ પણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઈપણ પ્રકારની અરજી/રજૂઆત સ્વીકારવામાં આવશે નહીં. આથી સાચી માહિતી આપવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે.

15. જે ઉમેદવાર રાજ્ય બહારની યુનિર્વસીટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને નિમણૂક આપતા પહેલાં અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ નિમણૂક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

16. આ સમગ્ર ભરતી પ્રક્રિયા બાબતે સરકારશ્રીનો નિર્ણય આખરી ગણાશે.